દરિયા કિનારા (**Coastal area**) અને
ખારાશવાળા (**Saline**) વિસ્તારમાં
જળસંપત્તિ વિભાગ હેઠળ કરવામાં આવતા
કામોમાં ઓર્ડીનરી પોર્ટલેન્ડ સીમેન્ટને બદલે
પોર્ટલેન્ડ સ્લેગ સીમેન્ટ વાપરવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
હુકમ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/૭૬૭/એમ.આઇ.સેલ
તા ૨૨/૧૨/૨૦૧૪

અનુસંધાન :- માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ/૧૦/૨૦૧૪/૧૦/સી તા.૧૯/૭/૨૦૧૪

**આમુખ :-**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા દરિયા કિનારાના (Coastal area) અને ખારાશવાળા (Saline) વિસ્તારમાં રસ્તા, પુલ અને મકાનોના બાંધકામોમાં ઓર્ડીનરી પોર્ટલેન્ડ સીમેન્ટને બદલે પોર્ટલેન્ડ સ્લેગ સીમેન્ટ " Portland Slag Cement" પ્રાયોગીક ધોરણે ૧ વર્ષ માટે વાપરવા માટે અનુસંધાનિત પરિપત્ર પરિપત્રિત કરવામાં આવેલ છે.

સામાન્યતહ: બાંધકામના કામોને લગત પરિપત્રો માર્ગ અને મકાન વિભાગ દ્વારા પરિપત્રિત કરવામાં આવતા હોય છે. અને તે પરિપત્ર સિંચાઇ વિભાગના કામોને લાગુ પડતા હોય તો તેવા પરિપત્રોને જળ સંપત્તિ પ્રભાગના કામોને લાગુ પાડવામાં આવતા હોય છે. આ બાબતે સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની સૂચનાઓ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

**પરિપત્ર :-**

દરિયા કિનારાના (Coastal area) અને ખારાશવાળા (Saline) વિસ્તારમાં જળસંપત્તિ પ્રભાગના ચાલતા કામોના બાંધકામોમાં ઓર્ડીનરી પોર્ટલેન્ડ સીમેન્ટને બદલે પોર્ટલેન્ડ સ્લેગ સીમેન્ટ " Portland Slag Cement" પ્રાયોગીક ધોરણે ૧ વર્ષ માટે વાપરવા માટેની આથી સૂચના આપવામાં આવે છે.

પોર્ટલેન્ડ સ્લેગ સીમેન્ટ માટે S.O.R માં આઇટમ ન હોય, ક્ષેત્રિય અધિકારીઓએ આ માટે જરૂરી ભાવ પૃથ્થકરણ National Building Organization આધારીત કરી આઇટમોનો સમાવેશ કરવાનો રહેશે.

ઉપરોક્ત આપવામાં આવેલ સૂચનાઓનો ચૂસ્ત પણે અમલ કરવાનો રહેશે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી
(૨) માનનીય રાજ્ય કક્ષાનામંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી
(૩). સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,
(૪) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
(૫) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,
(૬) નાણાકીય સલાહકાર (જ.સં)
(૭) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
(૮) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
(૯) સર્વે પ્રોજેક્ટ શાખા ( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)
(૧૦).સીલેકટ ફાઇલ